## પ્રવાસી સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટરની માનદ સેવાઓ આમત્રીત કરવા બાબત

બનાસકાંઠા જીલ્લાની સરકારી ઔધોગીક તાલીમ સંસ્થાઓ જેવીકે પાલનપુર, કુભારીયા, ડીસા, થરાદ, અમીરગઢ, વડગામ, વાવ,દીયોદર, ધાનેરા, કાંકરેજ, ભાભર, દાંતીવાડા, લાખણી, સુઇગામ તેમજ અન્ય સંસ્થાઓ ખાતે શરૂ થનાર ટુંકાગાળાના વિવિધ યોજનાકીય કોર્ષ માટે વિવિધ સેકટર જેવાકે મિકેનીકલ, ઓટો ઇલેકટ્રીકલ,સીવીલ, હેલ્થ સેનેટરી ઇન્સ્પેકટર, બ્યુટીશીયન, ફેબ્રીકેશન, કોમ્પ્યુટર, આઇ.ટી., સોલાર, ટેલરીંગ માટે તેમજ લાંબાગાળાના એનસીવીટી/જીસીવીટીના વ્યવસાયો માટે પ્રવાસી સુપરવાઇઝરોની માનદસેવાઓ આપવા રસ ધરાવતા ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે. આ ઉમદવારોને કલાકના રૂ.૭૫/- લેખે દૈનીક મહતમ ૬ કલાકના દર માસે રૂ.૧૩૫૦૦- થી વધુ નહી તે રીતે માનદ વેતન ચુકવવામાં આવશે. આવા ઉમેદવારો તદ્દન હંગામી ધોરણે નીયમીત જગ્યાઓ ન ભરાય ત્યા સુધી માત્ર વચગાળાની વ્યવસ્થા રૂપે હોઇ સેવા વિષયક કોઇપણ હક દાવો રહેશે નહી. તે મતલબનુ નિયત કરેલ બાહેધરીનુ એફીડેવીડ રજુ કરવાનુ રહેશે. આ સેકટરમાં કોર્ષ શરૂ થનાર હોઇ જે તે સેકટરના કોર્ષ મુજબ લાગુ પડતી લાયકાત જેમાં **ડીગ્રી માટે ૧ વર્ષ/ ડીપ્લો માટે ૨ વર્ષ/ આઇ.ટી.આઇ./એપ્રેન્ટીસ પાસ (સીઆઇટીએસ સાથે) માટે ૩ વર્ષનો** અનુભવ ધરાવનાર ઉમેદવારે તા.૨૮/૦૭/૨૦૧૭ સુધીમાં તમામ પુરાવાની નકલ સાથે અરજી કરવાની રહેશે. આ અંગેનુ અરજી ફોર્મ તેમજ વધુ માહીતી જે-તે સંસ્થાઓ ખાતેથી મળી રહેશે.

**અધ્યક્ષ, નોડલ પસંદગી સમિતિ, ઔધોગિક તાલીમ સંસ્થા, પાલનપુર**